1. આતંકવાદી પ્રવૃતિઓ શા માટે 'માનવવાદ' ની દુશ્મન છે?

- આતંકવાદી પ્રવૃતિ એક વૈશ્વિક સમસ્યા છે. તે વિશ્વના દરેક સ્થળે ફેલાયેલી છે. આંતકવાદ માનવજાતિ ના વિકાસ માટે અંતરાયરૂપ છે. આંતકવાદ માનવજાતિની શાંતિ અને સલામતીને વેરવિખેર કરનારી અત્યંત ભયાનક પ્રવૃતિ છે. આતંકવાદીઓ ત્રાસજનક પ્રવૃત્તિઓનો આશરો લે છે. જેમાં નિર્દોષ લોકોની હત્યા થાય છે. મંદિર, મસ્જિદ અને શાળાઓ જેવા જાહેર સ્થળોએ ત્રાસવાદી હુમલાઓ થાય છે, જેથી નિર્દોષ લોકોના જાન જાય છે. આથી આંતકવાદી પ્રવૃતિઓનો કોઈ પણ રીતે અંત આવવો જ જોઇએ.

2. ફાસીવાદ નાઝીવાદનો જેટલો ઝડપથી ઉદય થયો તે કરતાંયે વધુ ઝડપથી તેમનો અંત કેમ આવ્યો?

- પ્રથમ વિશ્વયુદ્ધ પછી ઈટાલીમાં ફાસીવાદ અને જર્મનીમાં નાઝીવાદનો ઝડપથી ઉદય થયો. ઈટાલીમાં મુસોલિનીએ અને જર્મની માં હિટલરે સામ્રાજયવાદી નીતિ અપનાવી, તેમણે બર્લિન, રોમ, ટોકિયો, ધરીની રચના કરી વિશ્વયુધ્ધના શરૂઆતના સમયગાળામાં વિજય પ્રાપ્ત કર્યા. પરંતુ અમેરિકા એ યુધ્ધમાં પ્રવેશ કરતાં મિત્રરાષ્ટ્રોએ યુધ્ધમાં ઈટાલી, જર્મની અને જાપાનને સખત પરાજય આપ્યો. આમ ફાસીવાદનાઝીવાદનો જેટલો ઝડપથી ઉદય થયો તે કરતાંયે વધુ ઝડપથી તેમનો અંત આવ્યો.

3. યુરોપીય દેશોએ સહિયારા ચલણની શરૂઆત કેમ કરી?

- યુરોપીય દેશોએ ઉત્પાદન વધારી વેપારના વિકાસ અર્થે સંઘન પ્રયત્નો કર્યા. વેપારની પ્રક્રિયા સરળ બનાવવા ઉરુગ્વમાં વિશ્વ વેપાર સંગઠનનું સમેલન યોજવામાં આવ્યું. તેમાં વિશ્વનાં રાષ્ટ્રોએ ભાગ લઈ વિશ્વ વેપાર નીતિની સમીક્ષા કરી, યુરોપીય આર્થિક સમુદાયને વેપારઉદ્યોગના ઝડપી વિકાસમાં નાણાકીય વિનિમય અવરોધરૂપ જણાતો હતો. પરિણામે યુરોપીય દેશોએ સહિયારા ચલણની શરૂઆત કરી.

4. 'આધુનિક વિશ્વમાં લોકશાહીને શાથી વ્યાપક આવકાર મળેલ છે ?'

- વિશ્વના મોટા ભાગના દેશો એ લોકશાહી શાસનવ્યવસ્થા અપનાવેલ છે. આ શાસનતંત્રમાં દેશના પ્રત્યેક નાગરિકની ભાગીદારી રહે છે. અબાહ્ય લિંકનના શબ્દોમાં "લોકશાહી એટલે લોકોની લોકો માટે અને લોકો દ્વારા સંચાલિત શાસનતંત્ર લોકશાહી શાસનતંત્રમાં પ્રજાની રાજકીય જાગૃતિ વિકસે છે. લોકો ઈચ્છે છે કે રાષ્ટ્રની શાસનવ્યવસ્થામાં તેમની પણ સક્રિય ભાગીદારી હોય. આથી આધુનિક વિશ્વમાં લોકશાહીનો વ્યાપક આવકાર મળેલ છે.

5. વિશ્વમાં થયેલા આંતકવાદી હુમલા પર ટૂંકમાં લખો.

- ઈ.સ. 1972માં મ્યુનિચ ઓલમ્પિકમાં ઇઝરાયલી રમતવીરોની પેલેસ્ટાઇનની આંતકવાદીઓએ હત્યા કરી જે આંતકવાદની સમગ્ર દુનિયામાં પરિચય કરાવનારી ઘટના હતી. 11મી સપ્ટેમ્બર, 2001ના રોજ અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો, ચેચન્યાના આત્મઘાતી હુમલાખોરોએ કરેલ રશિયાની થિયેટર પર કરેલો હુમલો, ગુજરાતના અક્ષરધામ પર હુમલો, જમ્મુકશમીરની વિધાનસભા પર હુમલો, રઘુનાથ મંદિર પર હુમલો, ભારતીય સંસદ પર હુમલો, મુંબઈ તાજ હોટલ પરના આંતકવાદી હુમલો, પાકિસ્તાનના પેશાવરની સૈનિક શાળા પરના હુમલા રેખાંતકવાદીઓની નિંદનીય ઘટનાઓ છે.

6. નાઝીવાદનો ઉદયના કારણો કયા કયા છે? અથવા

- જર્મનીમાં નાઝીવાદનો ઉદય જણાવી તેમાં હિટલરની ભૂમિકા સમજાવો. જર્મનીમાં ઉદભવેલ માટે પણ નીચે મુજબના અનેક કારણો જવાબદાર હતો.

  (1) વર્સેલ્સની સંધિ : પ્રથમ વિશ્વયુદ્ધના અંતે હાર પામેલા જર્મનીને અત્યંત ક્રૂર અપમાનજનક એવી વર્સેલ્સની સંધિ પર ફરજીયાત કરવી પડી. સ્વાભાવિક જ આ સંધિતી જમન પ્રજાનું અપમાન થયું હતું. તેની જર્મનીના યુવાનો ક્રોધે ભરાયા, આ રાષ્ટ્રવાદ યુવાનોના સંગઠન બનતાં નાઝીવાદનો ઉદય થયો .

  (2) સામ્યવાદનો ફેલાવો : સામ્યવાદના આંતરરાષ્ટ્રીય સિદ્ધાંતો કારણે જર્મનમાં તેનો વધુ ફેલાવો થશે તો તેમાં સામ્યવાદી જર્મની રશિયાનું કઠપુતળી રાજય બની જશે. તેથી નાઝીપક્ષનો વિકાસ થયો.

  (3) મહામંદી : પ્રથમ વિશ્વયુદ્ધ અને વર્સેલ્સની સંધીને પરિણામે આર્થિક બરબાદ થયેલા જર્મનીને અમેરિકાએ આર્થિક મદદ કરી પરંતુ મહામંદીએ તેની આર્થિક સ્થિતિ વધારે ખરાબ કરી.

  (4) યુદ્ધમાં જર્મનીને મળેલો પરાજય : યુદ્ધમાં જર્મનીને મળેલાં પરાજય માટે તે જર્મન નેતાઓ અને યહુદી પ્રજાને જવાબદાર ગણાવ્યાં, હારેલાં જર્મનીને ગૌરવ સ્થાપવામાં ધ્યેય સાથે તે ઉગ્ર રાષ્ટ્રવાદને જન્મ આપ્યો.

  (5) હિટલરનું નેતૃત્વ : વર્સેલ્સની સંધિને ફગાવી દેવી ગુમાવેલા પ્રદેશો પાછા મેળવવા , મજૂર મધ્યમ વર્ગની આર્થિક સ્થિતિ સુધારવી તેમજ શસ્ત્ર સામગ્રીમાં વધારો કરવાનો કાર્યક્રમ હતો. હિટલરને જેલની સજા કરવામાં આવી, જયાં તેઓએ 'મારો સંઘર્ષ' નામનું પુસ્તક લખ્યું. જેને કારણે નાઝી વિચારોનો લોકોમાં વધારે ફેલાવો થયો. નાઝી પક્ષે ભૂરા રંગનો લશકરી પોષાક અને ખભા પર લાલ રંગની પટ્ટી સાથે ઉંધા સ્વસ્તિકનું ચિહન રાખતા હતાં. નાઝીના અંગરક્ષ કો કાળા પોષાક પહેરતાં અને તેના પર ખોપરીનું ચિહ્ન રાખતાં, નાઝી સૈનિકો વિરોધીઓને ખતમ કરવા હંમેશા તત્પર રહેતા હતાં.